॥ सा विद्या या विमुक्तये ॥
ૐ શ્રી સંઘ નૃસિંહપુરા દિગંબર જૈન કેળવણી મંડળ
શેઠ કસ્તુરચંદ જુઠાભાઈ છાત્રાલય
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# નૃસિંહપુરા સમાજ દર્પણ

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૮

## શ્રદ્ધાંજલિ



### સ્વ. ધનેન્દ્ર ફુલચંદ શાહ

સ્વર્ગવાસ : તા. ૪-૫-૨૦૧૭ (નરોડા-અમદાવાદ)

આપશ્રી જીવન એવું જીવી ગયા કે — ભક્તિ તમે કરી, પુણ્ય અમને મળ્યું.
મૃત્યુ બાદ પણ આપ અમર થઇ ગયા — સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું.
હરપલ તમારી યાદોમાં તમારો સ્નેહ — સેવા તમે કરી, સન્માન અમને મળ્યું.
નિખાલસતાથી તેમજ નિરાભીમાન સ્વભાવના — દુઃખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી.
પ્રત્યક્ષ દર્શનનો આભાસ થાય છે. — કર્મ સદા એવા કર્યા જે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના

-ઃ સૌજન્ય ઃ-

## ગં.સ્વ. દમયંતિબેન ધનેન્દ્રભાઇ શાહ

શાર્દુલ ધનેન્દ્ર શાહ
હિરલ શાર્દુલ શાહ
જીઆન શાર્દુલ શાહ
અમી જયેશકુમાર શાહ
જયેશકુમાર નવનીતલાલ શાહ
વિધિ સૃજલકુમાર વખારીયા
બંસરી જયેશકુમાર શાહ

-ઃ ફર્મ ઃ-

- મરૂધર ફેશન્સ
- મરૂધર એમ્બ્રોએપરલ્સ પ્રા. લી.
- મરક્યુરી એમ્બ્રોડરીઝ પ્રા. લી.
- વિધિ એપરલ્સ
- ડી. એફ. શાહ એસોસીએટ્સ
- રચીન એમ. શાહ એન્ડ એસોસીએટ્સ



# Shashank

**BIO-DATA**

| | | |
|---|---|---|
| Name | : | **Dr. SHASHANK ASHIT DESAI** |
| Date of Birth | : | 9th August 1990 |
| Time of Birth | : | 11.24AM (Malad, Mumbai) |
| Height | : | 5'7 |
| Caste | : | Nrusinhapura Digambar Jain |
| Gotra | : | Kalashdhar |
| Qualification | : | **MBBS** from Government Medical College, Kolhapur At Present Pursuing **MD Pharmacology** (Post Graduation) from **JJ Hospital** Mumbai |
| Present Address | : | Hari Krupa, 2nd Floor, 6th Mamletdar Wadi, Malad (West), Mumbai |
| Hobbies | : | Music Lover, Travelling, Outdoor Sports, Socialite |
| Languages Known | : | Gujrati, English, Hindi, Marathi |
| Native Place | : | Moti Jher ( Kheda District, Gujrat) |
| Father's Name | : | Ashit Ratanchand Desai (9426257934) |
| Mother's Name | : | Chhaya Ashit Desai (9428011719) (Housewife) (Parents are in Ahmedabad at Present Since 2014) |
| Brother | : | Bhavish Ashit Desai B.E. MBA Married to Kosha D/o Kalpesh Chimanlal Shah and Pragna Kalpesh Shah, Naranpura, Ahmedabad |

At Present Working as a **Deputy Manager** in Hella India Automotive, Pune

| | | |
|---|---|---|
| Grand Father | : | Ratanchand Amrutlal Desai |
| Maternal Grand Father | : | Trilokchand Maganlal Shah |
| Mosal | : | Mahesh Trilokchand Shah & Sanjay Trilokchand Shah |
| Permanent Address | : | C-104, Siddhi Vinayak Residency, Behind St.Mary School, Naroda, Ahmedabad |

**સંપાદક સમિતિ :**

| | |
|---|---|
| શ્રી અજયભાઈ રમણીકલાલ શાહ | : ૯૮૨૪૦૬૭૭૪૭ |
| શ્રી શોધનભાઈ હિરાલાલ શાહ | : ૯૪૨૬૬૨૦૯૦૯ |
| શ્રી દિલીપભાઈ શાંતિલાલ શાહ | : ૯૪૦૮૬૮૪૩૧૨ |

**પ્રકાશક સમિતિ :**

| | |
|---|---|
| શ્રી દિનેશભાઈ લાલભાઈ શાહ, પ્રમુખ | : ૦૯૩૨૪૬૯૮૮૮૬ |
| શ્રી જગદીશભાઈ ત્રિલોકચંદ દાણી, મંત્રી | : ૯૮૨૫૦૪૩૫૧૮ |
| શ્રી કલ્પેશભાઈ પોપટલાલ સંઘવી, સહમંત્રી | : ૮૯૮૦૯૫૯૯૨૩ |

**ટ્રસ્ટીગણ :**

| | |
|---|---|
| શ્રી બિપીનભાઈ ચીનુભાઈ શાહ | : ૦૯૮૬૭૦૮૮૧૧૦ |
| શ્રી જીતેન્દ્રભાઈ રતીલાલ શાહ | : ૦૯૨૨૪૧૬૫૨૭૨ |
| શ્રી દિપકભાઈ સાકરલાલ શાહ | : ૯૮૨૪૩૨૪૧૨૬ |

**પ્રકાશન સ્થળ :**
શેઠ કસ્તુરચંદ જુઠાભાઈ છાત્રાલય, પોસ્ટ ઓફીસની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૨૬૪૨૪૪૫૫

ગૃહપતિ : શ્રી તારકકુમાર બાબુલાલ પરીખ

| **"સમાજ દર્પણ"ના પ્રતિનિધિઓ :** | **ફોન નંબર** |
|---|---|
| શ્રી કેતનભાઈ રમેશભાઈ શાહ, કલોલ | : ૯૮૨૫૦૩૮૫૬૬ |
| શ્રી કમલેશભાઈ શાંતિલાલ પરીખ, સુરત | : ૯૩૭૭૭૨૪૮૪૭ |
| શ્રીમતી ઝંખનાબેન જયેન્દ્રકુમાર શાહ, વડોદરા | : ૦૨૬૫-૨૩૯૫૬૬૪ |
| શ્રીમતી અંજનાબેન નલીનભાઈ શાહ, વડોદરા | : ૯૪૨૯૨૫૫૭૦૩ |
| શ્રી કિરીટભાઈ ફકીરચંદ દેસાઈ, નરોડા | : ૯૭૨૫૫૦૦૭૨૪ |
| શ્રી દિલીપભાઈ ફતેચંદ શાહ, મુંબઈ | : ૦૯૮૧૯૮૩૭૦૪૧ |

**નૂ. સમાજ દર્પણમાં જાહેરાત છાપવા માટેના નવા દર :**

| ક્વર પેજ (કલરમાં) | (અંદરના પેજ) |
|---|---|
| (કવર : ૨ રૂા. ૨૫૦૦-૦૦) | (આખું પેજ : ૧૫૦૦-૦૦) |
| (કવર : ૩ રૂા. ૨૫૦૦-૦૦) | (અડધુ પેજ : ૮૦૦-૦૦) |
| (કવર : ૪ રૂા. ૩૦૦૦-૦૦) | (પા પેજ : ૫૦૦-૦૦) |

(અંદરના જાહેરાત કલરમાં : રૂા. ૨૦૦૦-૦૦)
(અંદરના બાયોડેટા કલરમાં : રૂા. ૧૫૦૦-૦૦)

સમાજના સૌ સભ્યોને વિનંતી કે આપના વિભાગના સમાજની વ્યક્તિગત, કૌટુંબિક કે સંસ્થાના સમાચારની માહિતી, સારા-માઠા પ્રસંગોની માહિતી આપતી વિગત ક. જુ. છાત્રાલયના સરનામે "નૂ. સમાજ દર્પણ" વિભાગમાં અવશ્ય મોકલવી. સમાજના સભ્યોની જે વિગતો મળશે તે વિગતો જ પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સૌ સભ્યોએ નોંધ લેવી.

(૧) "નૂ. સમાજ દર્પણ"ના મુખ પત્રકના દરેક અંક અંગે સમાજના કોઈપણ સભ્યનું સૌજન્ય રૂા. ૪૦૦૦/- ભેટ લઈને સ્વીકારાય છે.
(૨) જે કોઈને ફોટા (પાસપોર્ટ સાઈઝ) સાથે સૌજન્ય આપવું હોય તો રૂા. ૬૦૦૦/- નક્કી કરેલ છે, જેનો લાભ લેવા વિનંતી છે.
(૩) આગામી સળંગ છ અંક સુધી જાહેરાત આપનારને ૧૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. -પ્રકાશન સમિતિ

# સંપાદક...

**સંપાદકીય...**

આપ સૌ ખૂબ જ સાથ અને સહકાર આપી સમાજ દર્પણને પ્રગતિના પંથે આગળ લઈ જઈ રહ્યા છો.

હવે શૈક્ષણિક વર્ષ પૂરૂ થવા આવ્યુ છે. તમામ વિદ્યાર્થી શૈક્ષણિક લાયકાત લઈ પોત પોતાના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. સૌને અમારા હાર્દિક અભિનંદન. ઘણા વિદ્યાર્થીઓ વધુ ઉચ્ચ અભ્યાસમાં પાછા લાગી જશે. અને આજની પરિસ્થિતિમાં ઉચ્ચ અભ્યાસ જરૂરી થઈ ગયું છે. હવે વેકેશન પણ ભોગવતા નથી. પરીક્ષા પછી સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓની તૈયારીમાં વિદ્યાર્થીઓ લાગી જાય એ જરૂરી થઈ ગયું છે. ઉચ્ચ અભ્યાસ અને વિદેશ જવાની ઈચ્છા હોય તો પણ અભ્યાસ ચાલુ રાખવો પડે છે.

ફેબ્રુ-૨૦૧૮માં ભગવાન બાહુબલિનો મહામસ્તકાભિષેક શ્રવણબેલગોલામાં ખૂબજ ભક્તિભાવથી સંપન્ન થયો. સદ્‌ભાગ્યે આપણા જીવનમાં સૌ પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં એકજ મંચ પર આચાર્યશ્રીઓ, ઉપાધ્યાયશ્રીઓ, મુનિશ્રીઓ તેમજ આર્યિકામાતાઓના દર્શનનો ધર્મલાભ દિગંબર સમાજના ભક્તોએ લીધો અને ધન્યતા અનુભવી.

છેલ્લા ઘણા અંકના માધ્યમથી સમાજના સભ્યોને પ્રશ્નાવલિમાં ભાગ લેવા જણાવેલ હતું પરંતુ ખૂબજ ઓછી સંખ્યામાં સમાજના લોકો ભાગ લઈ રહ્યા છે. તમે પણ પ્રશ્નાવલિ કાઢી જવાબ સાથે તેમજ ચારિત્ર ઘડતરના લેખો પણ તમારા નામથી અત્રે મોકલી શકો છો.



ગત અંકના સૌજન્ય દાતા શ્રી પરિવાર તથા આ અંકમાં જે દાતાઓએ વિજ્ઞાપન આપી, અન્ય પ્રકારનું દાન આપી જે સહકાર આપ્યો છે. તે દાતાઓનો આભાર...

## સંસ્થાને ભેટ બદલ ખુબ ખુબ અભિનંદન

૧૦૦૦/- બિપિનચંદ્ર ભોગીલાલ શાહના સ્મરણાર્થે
૧૦૦૦૦/- રજનીકાંત શંકરલાલ શાહ નરસિંહપુર-અમદાવાદ
૫૦૧/- કૌશિકભાઇ રતનચંદ શાહ-અમદાવાદ-નવા ગૃહ પ્રવેશ નિમિત્તે
૧૦૦૦/- દેવાંશ યોગેનભાઇ સાકરલાલ શાહ-આમોદ
૨૧૦૦/- રમણલાલ વાડીલાલ વખારીયા તરફથી ચિ. પૌત્રી શ્રેયાના લગ્ન પ્રસંગે
૧૦૦૦/- હેમાબેન હેમંતભાઇ શાંતિલાલ શાહ તરફથી પુત્રિ મેઘાના લગ્ન નિમિત્તે
૧૦૦૦/- ચેતનભાઈ રમેશચંદ્ર શાહ તરફથી ચિ. દષ્ટિના લગ્ન નિમિત્તે
૧૦૦/- કાવિન વિશાંત સંઘવી (નરોડા-વડોદરા) તરફથી વર્ષગાંઠ નિમિત્તે

## ● સમાચાર ●

**સમાચાર...**

- શ્રી સંઘ નૃ. દિ. જૈન મિત્ર મંડળ-નરોડાની ૩૭ મી વાર્ષિક જનરલ મીટીંગ 'અતિશય ક્ષેત્ર' અણિંદા પાર્શ્વનાથ (રાજસ્થાન) તા. ૭-૧-૨૦૧૮ ના રોજ નરોડાથી ત્રણ લક્ઝરી બસો લઇને સભાસદો તથા તેમની ફેમીલી સાથે આશરે ૧૩૦ વ્યક્તિ ગયેલ. મંડળમાં ૧૫૭ સભ્યો છે જેમાંથી ૮૦ સભ્યો મીટીંગમાં હાજર રહેલ ૨૦૧૭ વર્ષના વાર્ષિક હિસાબો સર્વાનુમતે મંજુર કરેલ. સભ્ય દીઠ ડીવીડંડ રૂા. ૩૫૫૦/- આપેલ. દરેક સભ્યને ચાંદીની લગડી ૨૦ ગ્રામની આપેલ છે. સભ્ય દીઠ દર મહીને લવાજમરૂા. ૩૦૦/- લેવામાં આવે છે. રસોઇયાને લઇ ગયેલ. સવારે ચ્હા-નાસ્તો, બપોરે અને સાંજે જમવાનું આયોજન કરેલ બપોરે ચ્હા-કોફી પણ આપેલ. સભ્યો તથા તેમના ફેમીલી સભ્યોને ખૂબજ આનંદ આવેલ. સભ્યોના સહકારથી મિત્ર મંડળ પ્રગતિના પંથે ચાલે છે.
- શ્રી નૃ. દિ. જૈન મહિલા મિત્ર મંડળ-નરોડાની બીજી વાર્ષિક જનરલ મીટીંગ તા. ૩૦-૧૨-૨૦૧૭ ના રોજ નરોડા આપણી ધર્મશાળામાં મળેલ જેમાં વર્ષ ૨૦૧૭ નું સરવૈયુ સર્વાનુમતે મંજુર કરેલ. સભ્યોને મીટીંગમાં નાસ્તાનું આયોજન કરેલ અને સભ્યદીઠ ડીવીડંડ રૂા. ૪૩૦/- આપવામાં આવેલ. સભ્યદીઠ દર મહિને રૂા. ૨૦૦/- લવાજમ લેવામાં આવે છે. સભ્યોનો ખૂબ જ સહકાર મળે છે.

## અનિદ્રા - ઊંઘ ન આવવી

- સૂતાં પહેલાં ઠંડા પાણી વડે હાથ પગ ધોઇ તાળવે અને કપાળે ઘી ઘસવાથી ઊંઘ આવે છે.
- ચોથા ભાગનું જાયફળ પાણી સાથે લેવાથી ઊંઘ આવે છે.
- કાંદાનું રાયતું રાત્રે ખાવાથી સરસ ઊંઘ આવે છે.
- પીપરીમૂળના ચૂર્ણની ફાકી લેવાથી અને પગે દિવેલ ઘસવાથી સારી ઊંઘ આવે છે.
- ગોળ સાથે ગંઠોડાનું ચૂર્ણ ખાવાથી અને ઉપર ગરમ દૂધ પીવાથી ઊંઘ આવે છે.
- કુમળાં વેંગણને શેકી, મધમાં મેળવીને સૂતી વખતે લેવાથી સરસ ઊંઘ આવે છે.
- વરિયાળી, દૂધ અને સાકરનું ઠંડુ શરબત પીવાથી ઊંઘ સારી આવે છે.
- જાયફળ, પીપરીમૂળ તથા સાકર દૂધમાં નાંખી ગરમકરી સૂતી વખતે પીવાથી સરસ ઊંઘ આવે છે.
- ૨ થી ૩ ગ્રામ ખસખસ વાટીને સાકર અને મધ અથવા સાકર અને ઘી સાથે સૂતી વખતે લેવાથી ઊંઘ સરસ આવે છે.
- ખૂબ વિચાર, વાયુ વૃદ્ધાવસ્થાને લીધે વાયુ વધી જવાથી રાતની ઊંઘ ઊડી જાય ત્યારે ગંઠોડાનું ચૂર્ણ ૨ ગ્રામ જેટલું ગોળ તથા ઘી સાથે ખાવાથી ઊંઘ આવી જાય છે.
- દૂધમાં ખાંડ તથા ગંઠોડાનું ચૂર્ણ નાખી ઉકાળીને પીવાથી ઊંઘ આવે છે.
- રાતના સૂતી વખતે મધ ચાટવાથી ઊંઘ જલદી આવી જાય છે.

## શ્રદ્ધાંજલિ

- તા. ૨૫-૨-૨૦૧૮ ના રોજ શ્રી મનુભાઇ ચીમનલાલ શાહ (ઉમરાયા-વડોદરા) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૨૬-૨-૨૦૧૮ ના રોજ શ્રીમતીબેન શાંતિલાલ તલકચંદ શાહ (કલોલ-વડોદરા) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૧-૩-૨૦૧૮ ના રોજ સુરેખાબેન મહેશભાઇ શાહ (બુહારી-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજ શ્રી દિનેશભાઇ સોમચંદભાઇ શાહ (જહેર-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૫-૪-૨૦૧૮ ના રોજ અ.સૌ. દક્ષાબેન રજનીકાંત શાહ (જહેર-મુંબઇ) અરિહંત શરણ થયેલ છે.

**પ્રભુ સદ્‌ગતની આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના**

### લોન પરત...

- ઋષભ સુરેન્દ્રભાઇ ગુણવંતલાલ શાહ (જહેર-વડોદરા)
- આયેશા વિજયભાઇ જયંતિલાલ શાહ (આમોદ)
- સાહિલ કેતનભાઇ શાહ (ઇન્દોર)

### શિષ્યવૃત્તિ પરત...

- તેજશભાઇ નરેશકુમાર કેશવલાલ શાહ (મખીયાવ-નરોડા)
- અંકિત વિજયભાઇ બાબુલાલ શાહ-અમદાવાદ


॥ ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથાય નમઃ ॥

**આપને ત્યાં ઉજવાતા કોઇપણ ધાર્મિક પ્રસંગોનું સુંદર અને સરસ રીતે સંચાલન કરી આપનાર વક્તા-વિધિકાર...**

# શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ

**(ત્રાગડવાળા)**

જૈન વિધાન...વાસ્તુ વિધાન...જૈન વિધિથી લગ્ન...જૈન વિધિથી જ્વારા...
ધાર્મિક ભજન, સંધ્યા...ભક્તિ સંગીત...પ્રાર્થનાસભા...વ્રત વિધાન...
ભાવયાત્રા તથા નમસ્કાર મહામંત્રની
આરાધના સુંદર વિવેચન સાથે કરાવનાર...

સંપર્ક : શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ (ત્રાગડ) હાલ-વડોદરા
મો. ૦૯૪૨૬૬૨૪૫૩૬ / ૯૪૨૬૩૩૪૫૩૪

આપના પ્રસંગને યાદગાર બનાવો એજ ઉદ્દેશ...


## નવા તથા બદલાયેલા સરનામા-ટેલીફોન નંબર

- મયુર કાલીદાસ પરીખ
  F/1003, વૃન્દાવન ગોદરેજ ગાર્ડન સીટી,
  ગોતા S G હાઇવે, જગતપુર,
  અમદાવાદ-382490
  M. : 9426485250, 9664956968
- શાહ અજીતકુમાર વિઠ્ઠલદાસ
  શાહ નિલેશભાઇ કનુભાઇ
  "ગોલ્ડ માઇન" ૮૨/૫૦૧,
  જવાહર નગર રોડ નં. - ૪, ગોરેગામ(પશ્ચિમ)
  મુંબઇ-૪૦૦૧૦૪
  ટેલી. ૦૨૨-૨૮૭૭૬૫૪૩
  મોબા. : ૦૯૯૩૦૦૫૧૪૨૪ / ૦૯૬૬૨૨૨૨૪૪૧
  નિલેશ : ૦૯૩૨૨૮૩૭૩૭૩
- મંજુલાબેન નવનીતલાલ શાહ
  ડી-૫૦, પરાગરાજ સોસાયટી,
  હરણી-વારસીયા રીંગ રોડ, ગરબા ગ્રાઉન્ડ સામે,
  વડોદરા-૦૬
- જીજ્ઞેશ વિનોદચંદ્ર શાહ
  ૧૬, પાર્શ્વ રેસીડન્સી, હંસપુરા રેસીડેન્સીની પાછળ,
  નરોડા-દહેગામ રીંગ રોડ પાસે, નરોડા-દહેગામ રોડ,
  હંસપુરા ગામ, નરોડા-382323
  મો. નં. 9377740253
  9375127328
- Ramesh Ramniklal Vakharia
  Flat No. A-503, Kautilya 56, New C G Road, Chandkheda, Ahmedabad.
  Mobile :
  91-8359881214 (Vinay)
  91-9826858573 (Ramesh Vakharia)

### સુધારો...

- તા. ૯-૨-૨૦૧૮ ના રોજ શ્રી યોગેનભાઇ સાકરલાલ શાહ (આમોદ-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- શ્રી પદ્મકાંત મણીલાલ વખારીયા સ્મૃતિ પારિતોષિક ધો. ૧૦ માં પરીખ માનસી ચેતનકુમાર ને ૯૨.૪૦% સાથે ઉતીર્ણ થયેલ છે.

# ધાર્મિક પ્રશ્નાવલી નં. ૧૦

નામ :-
સરનામું / વતન :-
ટે. નં. / મો. નંબર :-

(૧) બન્ને પ્રશ્ન પત્રના જવાબો સ્વચ્છ અક્ષરમાં લખશો.
(૨) આપનું પુરૂ નામ, સરનામું, વતન, ટેલીફોન નં. વગેરે અવશ્ય આપશો.
(૩) જવાબ એક અલગ બંધ કવરમાં 'ધાર્મિક પ્રશ્નાવલી' ગૃહપતિ, કે. જે. છાત્રાલયના સરનામે મોકલવાની છેલ્લી તારીખ ૩૧-૫-૨૦૧૮ પહેલા મોકલશો તે પછી આવેલ જવાબો અસ્વીકાર્ય રહેશે.
(૪) નિર્ણાયકનો જવાબ આખરી નિર્ણય ગણાશે જે તમામસાધકોને બંધન કર્તા રહેશે, આ સ્પર્ધા નૃ. દિ. જૈન ના સાધર્મિક પૂરતી મર્યાદિત છે.
(૫) આપના દ્વારા મોકલાવેલ જવાબો માટે માત્ર ફુલ સ્કેપ પેપર વાપરશો. ડાયરીનો કોરો કાગળ, લખેલા કાગળ પાછળ, નાના કાગળમાં લખેલા જવાબો રદ બાતલ ગણવામાં આવશે.
(૬) ધાર્મિક પ્રશ્નાવલીનો મુખ્ય ઉદેશ સમાજના લોકો શાસ્ત્ર સ્વાધ્યાય સાથે જોડાય તેજ ભાવના છે. આ વખતની પ્રશ્નાવલી તત્વાર્થ સૂત્રમાંથી કાઢેલ છે.
(૭) ધાર્મિક પ્રશ્નાવલી નં. ૯ ના જવાબો.
પ્રશ્ન - ૧. (૧) ૩-ગૌતમસ્વામી, સુધર્માચાર્ય, જમ્બુસ્વામી (૨) ૮-કરુણા, મૈત્રી, સ્વજજનતા, સ્વલઘુતા, સમતા, શ્રદ્ધા, ઉદાસીનતા, ધર્માનુરાગ (૩) માનુષોત્તર, પુષ્કરવર (૪) પુષ્પદંત-ભૂતબલિ, ષટખંડાગમ, પહેલી શતાબ્દિ (૫) પાંચ લબ્ધાક્ષર જેટલા ઉચ્ચારણના બરાબર સમય લાગે છે તે પાંચ ઉચ્ચારણ અ, ઇ, ઉ, ઋ, અને લ છે. (૬) ૧૦૮, ૨૮ મૂલગુણ, ૨૨ પરિસહજય, ૧૨ તપ, ૧૨ ભાવનાનું ચિંતવન, ૧૦ ધર્મ, ૧૩ પ્રકારના ચારિત્ર, કાયમી રક્ષા, ૫ પંચાચાર (૭) ૮૪૬૭૦૨૩ (૮) ગુણધર, આર્યમંક્ષુ, નાગહસ્તિ, વ્રજયશ, ચિરંતરાચાર્ય, યતિવૃષભ, ઉચ્ચારણ, વપ્પદેવ, કુંદકુંદ, વટ્ટકેર, શિવાર્ય, કુમાર યા સ્વામિકુમાર કાર્તિકેય, બુદ્ધ પિચ્છાચાર્ય (૯) ૫૯૮ (૧૦) ચાર પરમેષ્ઠી ઈન્દ્રીયસહિત હોય છે. અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ
પ્રશ્ન - ૨. (૧) ૮૦૦૦૦ (૨) જન્મનું (૩) દેશ ભૂષણ-કુલ ભૂષણ (૪) સત્યઘોષ હાથી (૫) પારિષદ (૬) અભવ્યજીવ (૭) વિજ્યારાણી (૮) રાજા મહેન્દ્ર (૯) ૪૦૦૦ (૧૦) ત્રણ વાર, ધોક દઈને
(૮) ડીસેમ્બર-જાન્યુઆરી ૨૦૧૭-૧૮ ના ધાર્મિક પ્રશ્નાવલીના વિજેતા નીચે મુજબ છે.
(૧) ચંદ્રિકાબેન રમેશચંદ્ર શાહ-કલોલ
(૨) શ્રીમતી ભાવનાબેન યશવંતભાઈ શાહ-વડોદરા
(૩) શ્રીમતી જસ્મીનબેન જીતેન્દ્રભાઈ સંઘવી-વડોદરા
(૯) પ્રશ્નાવલી નં. ૯ માં પ્રશ્નકર્તા :- શ્રીમતી અંજનાબેન (સેન્ડી) નલિનકુમાર શાહ-વડોદરા.

**પ્રશ્નપત્ર - ૧**

એક વાક્યમાં જવાબ આપો.

૧. તત્વાર્થ સૂત્રનું બીજુ નામ શું છે ? અને તેના રચયિતાનું નામ લખો.
૨. તત્વાર્થ સૂત્રનું મંગલાચરણ લખો.
૩. તત્વાર્થ સૂત્ર ગ્રંથની સંપૂર્ણ સૂત્રની સંખ્યા કેટલી છે ?
૪. નિસર્ગજ સમ્યગ્દર્શન કોને કહેવાય છે ? વ્યાખ્યા લખો.
૫. કર્મની અપેક્ષાએ સમ્યગ્દર્શનના કેટલા ભેદ છે ? ક્યા કયા ?
૬. સ્થાવર જીવના કેટલા ભેદ છે ? ક્યા ક્યા ?
૭. મુક્ત જીવનું ગમન કયા પ્રકારે થાય છે ?
૮. વિગ્રહગતિમાં જીવ કમસે કમ અને વધુમાં વધુ કેટલા સમય સુધી અનાહારક રહે છે ?
૯. અકાલ મરણ કયા જીવોને હોતુ નથી ?
૧૦. કર્મભૂમિ કોને કહે છે ?

**પ્રશ્નપત્ર - ૨**

ખાલી જગ્યા પુરો.

૧. અસંખ્યાત વર્ષની આયુ વાળા જીવ .................... ના જીવ છે.
૨. .................... અને .................... શરીરના સંબંધ અનાદિ છે.
૩. જીવનું લક્ષણ .................... છે.
૪. મન રહિત જીવ ને .................... જીવ કહે છે.
૫. તૈજસ શરીર .................... યુક્ત હોય છે.
૬. તત્વાર્થ સૂત્રમાં સૌથી અધિક (વધુ) સૂત્ર .................... અધ્યાયમાં છે.
૭. વસ્તુના અસ્તિત્વને જાણવું .................... કહેવાય છે.
૮. .................... અને .................... શ્રુતજ્ઞાનના ભેદ છે.
૯. તત્વાર્થ સૂત્ર ગ્રંથમાં કુલ .................... શ્લોક છન્દ છે.
૧૦. જીવાદિ તત્વાર્થો ને ભલિભાંતિ જાણી તેનું શ્રદ્ધાન કરવું તેને .................... કહે છે.

સાચા જવાબ આપનાર વ્યકિતને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

ધાર્મિક પ્રશ્નાવલીનાં સૌજન્યકર્તા શ્રી શાન્તીલાલ છોટાલાલ શાહ પરીવાર-અમદાવાદ.

# એ બીજા કોનો થવાનો ?

હું કોઈપણ શત્રુનો વિશ્વાસ કરી શકું છું. હું ગમે તેવા અધમ અને દુષ્ટ માણસ પર ભરોસો કરવા તૈયાર છું. કિન્તુ જે વ્યક્તિએ પોતાનાં પૅરન્ટ્સ સાથે ગદ્દારી કરી હોય કે જે વ્યક્તિ પોતાનાં પૅરન્ટ્સ પ્રત્યે આદરભાવ ન ધરાવતી હોય તેનો વિશ્વાસ કરવા હું તૈયાર નથી. જે વ્યક્તિ પોતાનાં પૅરન્ટ્સ સાથે પણ પલાખાંનો નાતો રાખતી હોય તે વ્યક્તિ કદીય ભરોસાપાત્ર ન ગણાય. જેણે જન્મઆપ્યો, જેના કારણે આ ધરતી પર આપણું અસ્તિત્વ હોય એનો જ અનાદર કરે એ વ્યક્તિ બીજા સાથે સારો વ્યવહાર કરે એ શક્ય જ નથી.

પૅરન્ટ્સ પણ માણસ છે, કાંઇ અવતારી આત્માઓ નથી. એમની ભૂલો હોઇ શકે, એમના સ્વભાવમાં ઉગ્રતાય હોઇ શકે, પૅરન્ટ્સ અભણ અને અણઘડ પણ હોઇ શકે. તેમછતાં, એ બધાને ભૂલીને જે માણસ પૅરન્ટ્સ પ્રત્યે આદરભાવ ધરાવતો હોય એ આ જગતનો સૌથી પવિત્ર, સાચો અને ઉત્તમઆત્મા છે. જે સગાં મા-બાપનો ન થાય, એ બીજા કોનો થવાનો ?

# એમાં ઉપકાર શાનો ?

પૅરન્ટ્સ સાથેના વ્યવહારમાં સંતાનની ખાનદાની દેખાય છે કે તેની ગરજ દેખાય છે તેનો વિચાર થવો જરૂરી છે. એક ઍડવોકેટ મહાશય કહેતા હતા, પૅરન્ટ્સ તેમનાં સંતાનોનું પાલન-પોષણ કરે છે - ઉછેરે છે, એમાં શી મોટી વાત છે ? પોતે પેદા કરેલા બાળકને ઉછેરવું-સંસ્કારવું અને ભણાવવું-પરણાવવું એ એનું કર્તવ્ય છે. એમાં ઉપકાર શાનો ? મેં કહ્યું, સાવ સાચી વાત  છે. પોતે જેને જન્મઆપ્યો હોય તેવાં સંતાનોને ઉછેરવાં એ તો મા-બાપનું કર્તવ્ય છે, ધર્મ છે. એમાં કશો ઉપકાર નથી. પણ જેણે જન્મઆપ્યો અને જેણે ઉછેર કર્યો એ જ પૅરન્ટ્સનો અનાદર કરવો, તેમના ઘડપણમાં તેમને નિરાધાર અને લાચાર બનાવીને તેમને છોડી દેવાં એમાં શું તમને સંતાનનો ધર્મ દેખાય છે ? દોસ્ત ! આઇ થિંક કે તને તારાં પૅરન્ટ્સે ભણાવ્યો ન હોત તો તું આવી નિર્લજ્જ આર્ગ્યુમૅન્ટ્સ કરતો ન હોત ! કૂતરો પણ રોટલાનું બટકુ ખાઇને વફાદારી નિભાવે છે. માતા-પિતા તેમનાં સંતાનો ઉપર કશો ઉપકાર નથી કરતાં એમ સ્વીકારીએ તોપણ આપણા કર્તવ્યને વફાદાર રહીએ તો એટલિસ્ટ કૂતરાની સમકક્ષ જીવ્યું ગણાય. નહિતર કૂતરા કરતાંય આપણે નીચે ઊતરી ગયા એમ માનવું.

# શું એ અશક્ય છે ?

એક વખત ક્યાંક વાંચેલી અને વારંવાર કહેલી-લખેલી આ વાત આજ ફિર એક બાર હો જાય ! માતાને તેના સંતાનનું ક્યું સ્વરૂપ જોઇને સૌથી અધિક આનંદ થતો હોય છે ? સંતાનને કઇ ક્રિયા કરતું જોઇને માતૃત્વ તૃપ્ત થતું હોય છે, જાણો છો ? બાળક જમવા બેઠેલું હોય (ભલે પછી તે ખોળામાં સ્તનપાન કરતું હોય, ઘોડિયામાં દૂધની બૉટલ લઇને સૂતું હોય કે થાળી-વાડકી લઇને જમવા બેઠેલું હોય) એ સ્વરૂપ જોઇને માતાનું હૈયું ઠરે છે. 'જાતે ખાવાની' હઠ લઇને બાળક ચમચી વડે ખાતું હોય... તેનું આજુબાજુ એઠવાડ વેરાતો જતો હોય... છતાં બાળક આનંદપૂર્વક ભોજન લઇને તૃપ્ત થતું હોય એ દૃશ્ય જોઇને માતાનું હૈયું પણ તૃપ્ત થઇ જાય છે ! પુખ્ત સંતાનો પોતાનાં પૅરન્ટ્સને આનંદપૂર્વક ભોજન લેતાં અને તૃપ્ત થતાં જોઇને સ્વયં તૃપ્ત થાય એવું શું અશક્ય છે ?

# અવિસ્મરણીય ઘટના

એક ઘટના હું ક્યારેય ભૂલી  શકીશ નહીં. એટલું જ નહિ, આ ઘટના જ્યારે જ્યારે સ્મરણમાં આવે છે ત્યારે પાંપણ ભીંજાયા વગર નથી રહેતી. ત્યારે હું અમદાવાદમાં કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો. એક વખત ઘી-કાંટા રોડ ઉપરના રીગલ સિનેમા પાસેથી પસાર થતાં, ત્યાં થોડોક સમય ઊભા રહેવાનું બન્યું. ફૂટપાથ ઉપર એક ગરીબ ઓરત ફાટેલી ગોદડીમાં લેટેલી પડી હતી. ત્યાં જ એનો દીકરો આસપાસમાંથી ભીખ માગીને થોડું ખાવાનું લઇને આવ્યો. ચૌદ-પંદર વર્ષનો એ કિશોર આવીને માતાની સમક્ષ ભીખનું પાત્ર મૂકે છે. માતા ત્રાસી નજરે જોઇ લે છે કે આજે ભીખ ખૂબ ઓછી મળી છે. એટલી ભીખમાંથી મા-દીકરા બંનેના પેટ ભરાઇ શકે તેમ નથી. માએ તરત કહ્યું, 'ચાલ, ખાઇ લે...! મારે આજે તો સોમવાર છે-ઉપવાસ છે...' એક પળનાય વિલંબ વગર દીકરો બોલ્યો, 'મા, મને તો બિલકુલ ભૂખ નથી. આજે તો એક શેઠાણીએ મને ભરપેટ ખવરાવી દીધું છે. આ તો તારા માટે જ થોડુંક મળ્યું તે લાવ્યો છું ! મા અને દીકરો બેય ખોટું બાલતાં હતાં. માને કાંઇ ઉપવાસ નહોતો અને દીકરોય કાંઇ ધરાયેલો નહોતો જ ! અસત્ય પણ કેવું રૂડું-ઋજુ અને પવિત્ર હોઇ શકે છે ! પછી તો મા-દીકરાએ પરસ્પરની સામે જોયું. લાચારીથી લથબથ સ્મિતની લેવડ-દેવડ થઇ. મૌનપણે જ બંનેએ પોતે ખોટું બોલ્યાનો અકરાર કર્યો... અને પછી એક જ પાત્રમાં સાથે જમાવા બેસી ગયાં...! મા તો આજેય પોતાના સંતાન માટે આવું ખોટું બોલી શકે છે, કિન્તુ સંતાનો જ્યારે આવું ખોટું બોલતાં થશે, ત્યારે કળિયુગને આ ભૂમિઉપર રહેવાનું ભારે પડી જશે !

# ધાવણની કિંમત ?

દિલીપ રાણપુરાની આત્મકથા જેવી એક પ્રસંગકથા છે. - 'માનું હૈયું.' મુસ્લિમ ખતુડોશીનો દીકરો રહેમાન અવસાન પામેલો છે. વાર્તાનાયકના ચહેરામાં એ ખતુડોશીને રહેમાન દેખાય છે. લાંબી વિમાસણને અંતે વાર્તાનાયકને મળે છે, વહાલ કરે છે. વાર્તાનાયકને પહેલાં થોડું વિચિત્ર અને પછી બધું સ્વાભાવિક લાગે છે. એક વખત ખતુડોશી વાર્તાનાયકને પોતાને ત્યાં જમવા બોલાવે છે. જમી રહ્યા પછી વાર્તાનાયકને લાગે છે કે ખતુડોશી ખૂબ ગરીબ છે, જો આજે એમનો દીકરો હયાત હોય તો એમને આટલી ઉંમરે આવી કઠિનાઇઓ વેઠવી ન પડતી હોત. વાર્તાનાયક પુત્રભાવે ખતુડોશીને મદદ કરવા માટે ખિસ્સામાંથી થોડી રકમ કાઢીને હાથ લંબાવે છે. ખતુડોશી આંખમાં ઝળઝળિયાં સાથે બોલે છે : દિકરાને ખવરાવીને કોઇ મા પૈસા લેતી હશે ? ભિયા, મા ધાવણની કિંમત ન લે !'

# ત્રણ પેઢીનું વિચિત્ર ચિત્ર

સમાજમાં હંમેશા ત્રણ પેઢીનું ચિત્ર જોવા મળે છે. બાળકો યુવાનો અને પ્રૌઢો. એટલે કે ગઇ કાલની પેઢી (મા-બાપ), આજની પેઢી (પુત્ર) અને ભવિષ્યની પેઢી (પૌત્ર). એમાં વચ્ચેની પેઢી - યુવાનો પોતાનાં સંતાનો માટે કોઇપણ તકલીફ વેઠવાની તૈયારી બતાવે છે, પરંતુ માતા-પિતા પ્રત્યેનો તેમનો સમર્પિતભાવ સુકાઇ ગયેલો દેખાય છે. પોતે પેરન્ટ તરીકેનાં કર્તવ્યો તો નિભાવે છે, પણ પુત્ર તરીકેનો ધર્મ નિભાવવામાં મોળા પડે છે. માતા પોતાનું શરીર નીચોવીને સંતાનને સ્તનપાન કરાવે છે, પિતા અડધા ભૂખ્યા રહીને સંતાનને ભરપેટ જમાડે છે. બાળકોના સુખ માટે મા-બાપ પોતાની નાની નાની ખુશીઓનું જીવનભર બલિદાન આપતાં રહે છે. એ જ સંતાનો જ્યારે મા-બાપની પાછલી વયે ઉપેક્ષા કરે, ત્યારે એમને કેવી પીડા થાય એ તો અનુભવ વગર ભાગ્યે જ કોઇને સમજાય ! મિત્રની કે પત્નીની બેવફાઇ સામે રોષે ભરાતો યુવાન એનાં પૅરન્ટ્સ સાથે બેવફાઇ કઇ રીતે કરી શકતો હશે ?

# પૅરન્ટ્સને શું જોઇએ છે ?

સંસારમાં જ્યારે પણ મા-બાપની ભક્તિ કરવાનું ઉપદેશવામાં આવે છે ત્યારે એનો અર્થ કદીય એવો નથી થતો કે માતા-પિતાના ચરણ ધોઇને એમનાં ચરણામૃત પીઓ કે એમના નામનો આડંબરયુક્ત જયજયકાર કરો. એ બધું ધર્મગુરુઓને અને તેમના ચેલાઓને મુબારક. માતા-પિતાની ભક્તિ તો એમના પ્રત્યેના આદરભાવ રૂપે વહેતી થાય એ છે. બંગલાને મા-બાપનું નામ આપી દેવું કે મા-બાપના નામે કોઇ પબ્લિક લેસ (સાર્વજનિક સ્કૂલ-બગીચો કે હોસ્પિટલ) બનાવવાં એ સારું છે, પણ અનિવાર્ય નથી. અનિવાર્ય તો જીવતાં મા-બાપનાં આંખ અને અંતરને ઠારવાનું છે.

મા-બાપ કદી મદદ નથી માગતાં અને દીકરો ગમે તેટલું કરે તોય મા-બાપ ઉપર ઉપકાર નથી કરતો. મા-બાપને હૂંફ જોઇએ, સાચો સ્નેહ જોઇએ છે, ભેળસેળ વગરનો આદર જોઇએ છે. મા-બાપ શ્રીમંત હોય, તંદુરસ્ત હોય, સ્વાવલંબી હોય ત્યારે તો કોઇપણ સંતાન એમનાં સાંનિધ્યમાં રહેવા તૈયાર હોય છે. એમાં કોઇ સંતાનધર્મ નથી. પરંતુ મા-બાપ જ્યારે આર્થિક રીતે લાચાર અને આરોગ્યની બાબતે ઓશિયાળાં બન્યાં હોય, ઘડપણ એમને ચારે બાજુએથી ઘેરી વળ્યું હોય ત્યારે પૂરા આદરભાવ સાથે તેમના સાંનિધ્યમાં રહેવાની તત્પરતામાં સાચો સંતાનધર્મ છે. વૃદ્ધ પૅરન્ટ્સના ચહેરા ઉપર ઊપસી આવેલી કરચલીઓ રૂડી-રૂપાળી ભલે ન હોય, એ કરચલીઓ કોડીલી-કોડામણી છો ને ન હોય, છતાં સંતાનના ચહેરા ઉપરની તાજગી અને પ્રસન્નતા પેલી કરચલીઓની કરજદાર અવશ્ય હોય છે !

કોઇપણ મા-બાપ અલ્ટીમેટલી પોતાનાં સંતાનો પાસેથી પાછલી વયે શું ઝંખતાં હોય છે ? બંગલા-ગાડી, નોકર-ચાકરની સાહ્યબી ? નો, નેવર. ઘરડાં મા-બાપની જરૂરિયાતો ભૌતિક નથી હોતી. હવે તો ભૂખ પણ માંડ એકાદ રોટલીની કે એકાદ પ્યાલા દૂધ જેટલી જ લાગે છે. બે કોળિયા ખીચડીના આહારથી જ એમને ઓડકાર આવી જતો હોય છે. પાછલી વયે પૅરન્ટ્સનો ઝુરાપો તો માત્ર એટલો જ રહે છે કે, મારો દીકરો મારી સાથે બે ઘડી નિરાંતે વાતો કરે ! અમારા અસ્તિત્વની એ ઉપેક્ષા ન કરે. અમારી સાથે સરળ અને નિખાલસ રહીને, અમારી ફિલિંગ્સને સમજે એ જ અમારું જન્નત અને એ જ અમારો મોક્ષ !

# સદ્ભાગ્યનો અવસર

માતાનો ખોળો સંતાનને ખાનદાની શીખવે છે.

પિતાનો ખભો સંતાનને ખુમારી શીખવે છે.

દરેક સંતાન એ ખોળા અને ખભાનું આભારી હોય છે. સ્થૂળ અર્થમાં તો આપણું બૉડી એ ખોળામાંથી બહાર નીકળી ગયું છે અને એ ખભા પરથી નીચે ઊતરી ગયું છે, છતાં આપણે એનાથી વિખૂટા ન પડી શક્યા હોઇએ તો માનવું કે, પૅરન્ટ્સ સાથેના આપણા અટેચમેન્ટમાં ભીનાશનું તત્ત્વ હજી ટકી રહ્યું છે. આપણે હજી કળિયુગનો શિકાર બન્યા નથી. સંસારમાં જે ચીજ આપણે ગુમાવી બેસીએ છીએ તેનીજ ખોટ આપણે ફિલ કરીએ છીએ. જે રીલેશન આપણે ખોઇ બેસીએ છીએ - જ્યારે સ્વજનને ખોઇએ છીએ ત્યારે જ આપણને એનું મૂલ્ય સમજાય છે. પૅરન્ટ્સની બાબતે એવું ન થવા દઇએ તો કેવું આજે આપણી સાથે પૅરન્ટ્સ છે, એ સદ્ભાગ્યનો અવસર છે. પૅરન્ટ્સ ન હોય એ તો દુર્ભાગ્ય છે જ, પણ પૅરન્ટ્સની હયાતીમાં એમની સાથે સુમેળ ન જાળવી શકવાને કારણે એમની સાથે રહેવાનું સદ્ભાગ્ય આપણે ગુમાવી બેઠા હોઇએ એ દુર્ભાગ્યની પરાકાષ્ઠા છે.

# આજના યોગનો યુગધર્મ : શ્રવણધર્મ

## રોહિત શાહ

થોડા વખત પહેલાં એક પત્રકારે મને પૂછ્યું, તમારી દૃષ્ટિએ આજના યોગનો ધર્મ શો છે ?

મેં મારી લઘુતમ લાયકાતના આધારે જવાબ આપ્યો, મને લાગે છે કે આજના યુગનો ધર્મ શ્રવણધર્મ જ હોઈ શકે.

પત્રકાર પ્રશ્નાર્થ નજરે મારી સામે તાકી રહ્યો. કદાચ એ મને 'શ્રવણધર્મ'નો અર્થવિસ્તાર કરવાનું કહેતો હતો. મેં મારા જવાબમાં ઉમેરો કરતાં કહ્યું, 'શ્રવણધર્મ'ના મારા મનમાં બે અર્થ છે. પ્રથમતો ઐતિહાસિક પાત્ર શ્રવણની જેમપૅરન્ટ્સની સેવા કરવી તે શ્રવણધર્મ અને બીજો અર્થ જરા લાક્ષણિક છે. શ્રવણ એટલે સાંભળવું. આજે માણસ સાંભળવાનું નહિ, સંભળાવી દેવાનું અધિક પસંદ કરે છે. એ પોતાની વ્યથા કે પોતાની વાત કહેવા એટલો ઉતાવળો હોય છે કે, બીજાની વાત કે વ્યથા સાંભળવા જેટલું સૌજન્ય પણ બતાવી નથી શકતો. બીજાની વાત સાંભળવી એ પણ સજ્જનનું લક્ષણ છે અને આજનો યોગધર્મ છે એમ હું માનું છું.'

આજના જીવનના ઘણા પ્રશ્નો આ બંને પ્રકારના શ્રવણધર્મના અભાવે જ ઉદ્‌ભવેલા છે. માતા-પિતાની ઉપેક્ષા થાય એવી ઘટનામાં સંતાનધર્મ કલંકિત થાય છે, બીજાની વાતની ઉપેક્ષા થતી હોય એવી ઘટનામાં સજ્જનધર્મ ઝંખવાતો હોય છે !

# ના, એ ઋણ નથી... !

સંસારમાં દરેક પુત્ર શ્રવણ બને એવો ખ્યાલ જરાક એકિસ્ટ્રમ લાગે, પરંતુ દરેક પુત્ર એનાં માતા-પિતાની ફિલિંગ્સનું શ્રવણ કરતો થાય એવો કૉન્સેપ્ટ જરૂર સ્વીકારી શકાય. કોઈપણ વાતમાં પૅરન્ટ્સ જ હંમેશા શત પ્રતિશત સાચાં હોય છે એવો વહેમ પૅરન્ટ્સને બિલકુલ ન હોય અને પૅરન્ટ્સ હંમેશા શત પ્રતિશત ખોટાં તથા જુનવાણી જ હોય એવો પૂર્વગ્રહ સંતાનને બિલકુલ ન હોય ત્યારે એ રિલેશન રિલાયબલ બને છે. જેવી રીતે સંતાનો પૅરન્ટ્સના વાત્સલ્યના હકદાર હોય છે એવી જ રીતે પૅરન્ટ્સ પણ સંતાનોના આદરના હકદાર હોય છે. સંતો અને કવિઓ માતા-પિતાના વાત્સલ્યને ઋણ કહે છે, ત્યારે દિલને જરા ખટકો લાગે છે. સંતાનોએ માતા-પિતાનું ઋણ ચૂકવવું જોઈએ એવા મતલબનો ઉપદેશ કે એવા મતલબની કવિતા વ્યર્થ છે. ઋણ ચૂકવ્યા પછી કરજદાર ઋણમુક્ત થઈ જાય છે. સંતાન કદીય ઋણમુક્ત થઈ શકે ખરું ? પૅરન્ટ્સ એમના સંતાનો ઉપર ઉપકાર કરે છે, એમને ઋણી નથી બનાવતાં. ચૂકવવાની વાત આવે ત્યાં હિસાબ-કિતાબનાં પલાખાં મંડાય. ઋણ તો કદાચ ચૂકવી શકાય, ઉપકારનું વળતર કદીય ન ચૂકવી શકાય. પૅરન્ટ્સના વાત્સલ્યની શી કિંમત મૂકશો, તમે ? વાત્સલ્યનું વળતર ચૂકવી શકે એવું કોઈ ચલણી નાણું હજી શોધાયું નથી. એ માટે તો ચોવીસ કૅરેટનો આદરભાવ જ જોઈએ !

# લોહિની સગાઇ

ગુજરાતી સાહિત્યમાં ઈશ્વર પેટલીકરની નવલિકા 'લોહિની સગાઈ' ચિરંજીવી કૃતિ છે. એમાં પોતાની ગાંડી દીકરી મંગુને લોકો ગાંડાઓની હૉસ્પિટલમાં મૂકી આવવાની  સલાહ આપે છે, ત્યારે અમરતકાકીનું માતૃત્વ જવાબ આપે છે : 'હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાને શી લાગણી હોય ? ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું જ એ તો કહેવાય !'

અમરતકાકીને દીકરાઓ છે, વહુઓ છે. બીજી એક દીકરી પણ છે અને એ દીકરીય એની માને કહે છે કે, 'મંગુને ખોટા લાડ લડાવીને તેં જ વધારે ગાંડી કરી મૂકી છે. ટેવ પાડીએ તો ઢોરનેય ઝાડો-પેશાબ ક્યાં કરાય અને ક્યાં ન કરાય એનું ભાન આવે છે, તો બાર વરસની છોડી ગમે તેટલી ગાંડી હોય એને પણ ટેવ પોડી હોય તો શું એટલું ભાન ન આવે ?'

અંતે ગાંડી મંગુને હૉસ્પિટલમાં મૂકી આવવાનું નક્કી થાય છે. અમરતકાકી દુભાતા દિલે દીકરીને ગાંડાઓની હૉસ્પિટલમાં મૂકવા જવા તૈયાર થાય છે. હૉસ્પિટલેથી ઘેર પાછા પસ્તાવના અતિરેકમાં અમરતકાકી સ્વયં પોતાની માનસિક સમતુલા ખોઈ બેસે છે. વાર્તાનું છેલ્લું વાક્ય - 'અમરતકાકી મંગુની નાતમાં વટલાઈ ગયાં હતાં,' કેવું હૃદયવેધક લાગે છે ! સંતાન માટે ગાંડાં થઈ જતાં સંતાનોની કથા સાહિત્યકારોએ લખવી પડશે !

# તમારી પત્નીને ઉતારી પાડશો નહિ

ડીઝરાઇલીએ કહ્યું છે : ''હું જીવનમાં ઘણી મૂર્ખાઇ કરૂં તે સંભવિત છે.. પણ હું કદિ પ્રેમને ખાતર પરણવા માગતો નથી.''

તેણે આ શબ્દો પાળ્યા હતાં. ૩૫ વર્ષની ઉંમર સુધી તે કુંવારો રહ્યો હતો અને ત્યાર પછી તેણે પોતાના કરતાં પંદર વર્ષ મોટી એક શ્રીમંત વિધવાના હાથની માંગણી કરી હતી કે જેના વાળ પચાસ શીયાળા વીતાવીને સફેદ થવા આવ્યા હતા. શું તે પ્રેમમાં પડ્યો હતો ? નહિ. નહિં. તે જાણતી હતી કે તે તેને ચાહતો ન હતો. તે જાણતી હતી કે તેના પૈસાની ખાતર પરણતો હતો. આથી તેણે એક વિનંતી કરી. તેના ચારિત્ર્યનો અભ્યાસ કરવા માટે તેણે એક વરસ થોભી જવાની તેને અરજ કરી અને એક વર્ષ પૂરું થતાં તે તેને પરણી ગઇ.

આ વાત તદ્દન ગદ્યમય (prasacic) વેપારી સોદા જેવી જણાય છે, ખરૂં ? હા. છતાં અજાયબીની વાત એ છે કે ચિત્રવિચિત્રતાથી ભરેલા આ સંસારમાં ડીઝરાઇલીનો સંસાર ઘણો જ સુખી નીવડ્યો હતો.

ડીઝરાઇલીએ પસંદ કરેલી શ્રીમંત વિધવા જુવાન નહોતી. ખુબસુરત નહોતી. તેમ બુદ્ધિશાળી પણ ન હતી. તેથી ઉલટું સાહિત્ય અને ઈતિહાસ સંબંધી વાતમાં તે હસવા જેવા છબરડા કરતી. દાખલા તરીકે ''ગ્રીકો પહેલા થઇ ગયા કે રોમનો તેનું પણ તેને ભાન નહોતું.'' કપડા માટેનો શોખ ઢંગધડા વિનાનો હતો. ઘર શણગારવાની તેની રીત વિચિત્ર હતી. પણ તે પુરુષો સાથે કામ પાડવામાં ઉસ્તાદ હતી અને લગ્નજીવનમાં આ સૌથી મહત્વની વાત હતી.

તેણે ડીઝરાઇલી સમક્ષ પોતાની અક્કલનું પ્રદર્શન ભરવાની કોશિષ કરી હતી. ચંચળ ઉમરાવજાદીઓ સાથે બુદ્ધિબળ લડાવીને તે કંટાળીને તથા થાકીને ઘેર આવતો ત્યારે મેરી એનનો લવારો તેને રાહત આપતો. તેનું ઘર તેનું આરામસ્થાન હતું અને મેરી એનના પ્રેમની હૂંફમાં તે સુખી હતો. તેની વૃદ્ધ પત્ની સાથે તેણે પોતાના ઘરમાં ગાળેલો સમય તેના જીવનનો સુખીમાં સુખી સમય હતો. તે તેની મદદગાર, વિશ્વાસુ સલાહકાર હતી. આમની સભામાંથી દરરોજ તે ઉતાવળો ઉતાવળો તેને તે દિવસે બનેલા બનાવની ખબર આપવા જતો અને સૌથી અગત્યની બીના એ હતી કે ડીઝરાઇલીએ જે પણ કામ હાથમાં લે તેમાં તે પાછો પડે એમ મેરી કદિ માની શકતી જ નહિ.

મેરી એન ૩૦ વરસ સુધી ફક્ત ડીઝરાઇલીને માટે જ જીવતી હતી. તેની દોલતથી તેના પતિને આરામ મળતો હતો. તેથી જ તે પોતાની દોલતને કિંમતી ગણતી હતી. બદલામાં તે તેના જીવનની નાયિકા (heroin) બની હતી. ડીઝરાઇલી તેના મરણ પછી અર્લ થયો હતો પણ તે પોતે સામાન્ય માણસ હતો ત્યારે પણ તેણે ક્વીન વિક્ટોરીયાને સમજાવીને મેરી પર ઉમરાવપડની નવાજેશ કરાવી હતી અને ૧૮૬૮ માં તે વાઇકાઉન્ટસ બીકન્સફીલ્ડ બની હતી.

જાહેરમાં તે ગમે તેટલી મૂર્ખ જણાતી-ગમે તેવા છબરડા કરતી પણ ડીઝરાઇલી કદિ પણ તેનો દોષ કાઢતો નહિં-તે કદિ તેને ઠપકો આપતો નહિં અને જો કોઇ તેની પત્નીની હાંસી મશ્કરી કરવાની ગુસ્તાખી કરતું તો તે તેના પર વાઘની પેઠે કૂદી પડીને તેનો વફાદારીથી બચાવ કરતો.

મેરી એન અનેક ખામીઓથી ભરેલી હતી પણ ત્રણ દાયકા સુધી તેના પતિની વાત કરતાં તેની પ્રશંસા કરતાં-તેના ગુણગાન ગાતાં તે કદિ કંટાળી નહોતી. પરિણામ? ડીઝરાઇલ કહે છે કે ''અમને પરણ્યાને ૩૦ વર્ષ થયાં છે પણ મને તેનો કદિ કંટાળો આવ્યો નથી. (દુનિયામાં એવા દોઢ ડાહ્યા પણ છે કે જેઓ એમ ધારે છે કે મેરી એન ઈતિહાસ જાણતી ન હતી એટલે તે બેવકૂફ જ હશે.)''

ડીઝરાઇલીને મેરી એન તેના જીવનનું સર્વસ્વ હતી. એ વાત કદિ છૂપાવી ન હતી. પરિણામ? મેરી એન તેની સહમતીઓને કહેતી કે ''મારા પતિની મમતાને લીધે મારી જીંદગી એક લાંબા સુખી નાટક જેવી થવા પામી છે.''

તેઓ માંહો માંહે મશ્કરી પણ કરતાં. ડીઝરાઇલી કહેતો. ''હું તને તારા પૈસા માટે જ પરણ્યો હતો હં.'' અને મેરી હસીને જવાબ આપતી : ''પણ હવે તમે ફરી પરણવા તૈયાર થાવ તો મને પ્રેમને ખાતર પરણશો. ખરૂં ને ?''

ડીઝરાઇલીને જવાબમાં હા પાડવી પડતી.

મેરી એન સંપૂર્ણ ન હતી પણ તે જેવી હતી તેવી જ તેને રહેવા દેવાનું ડીઝરાઇલીમાં ડહાપણ હતું.

હેન્રી જેમ્સ કહે છે : ''એક બીજાના સમાગમમાં સૌથી પહેલી ચીજ એ શીખવાની છે કે બીજાઓના સુખી થવાના રસ્તામાં આપણે દખલગીરી કરવી નહિ સિવાય કે તે રસ્તો આપણા માર્ગમાં હિંસક દખલગીરી કરતો હોય.''

લીલેન્ડ ફોસ્ટરવૂડ Growing Together in the Family નામના ગ્રંથમાં લખે છે કે : લગ્નની ફતેહ યોગ્ય વ્યક્તિ થવામાં રહેલી છે.''

સંસારી જીવન સુખી બનાવવાનો બીજો નિયમ આ છે : તમારી જીવન સાથીને તોડી પડશો નહિં.



# Mudra

| | | |
|---|---|---|
| Date of Birth | : | 3 January 1994 |
| Birth Time | : | 17:45 PM : Borivali  Mumbai |
| Height | : | 5'6" |
| Weight | : | 55 kg |
| Hobbies | : | Dancing, Travelling |
| Gotra | : | Kashyap |
| Religion | : | Jain-Digmbar |
| Native | : | Mahuva (Surat) |
| Education | : | BBA, MBA (HR) From Uka Tarsadia Univercity, (Bardoli) |
| Profession | : | HR Executive in Hi-Tech Sweet Water Technologies Pvt. Ltd. |
| Grand Father's Name | : | Late Suryakant Shah |
| Father's Name | : | Bharatbhai Suryakantbhai Shah-Job (Mahuva sugar factory) |
| Mother's Name | : | Nileshwariben Bharatkumar Shah (Housewife) |
| Brother's Name | : | Vinit Shah (Studying) |
| Maternal Family | : | Dineshbhai Lalubhai Shah & Ambrishbhai Lalubhai Shah (Borivali, Mumbai) |
| Residence | : | Nr. Digambar Jain Temple, Ta & Po - Mahuva, Dist - Suraat-394250 Mobile No.  : (R) 02625-255679 / (S) 6359226525 (F) 9426162960 |

Jyotish S. Shah (Kachwala)
Telefax : 022-28481718
Mob.: 98202 28980 / 98672 89802

**Hemali Trading Co.**

Dealers Agents in : Toughened & Figured Glass, Chemicals, Acrylic Plastic & All Types of Paper & Clip

Head Off.: X/14, Sai Chhaya Apartment, Chhatrapati Shivaji Road No. 3, Opp. Sudhindra Nagar, Dahisar (East), Mumbai - 400 068.

Branch Off.: B-4, 1st Flr., Buddhadev Market, Sevashram Road, Bharuch-392001. (Gujarat)

Godown Fac. : L-5309/2, 4th Phase, Opp. Suprit Chemical GIDC, Vapi, Gujarat-385195 Gujarat.



Book-Post / By Air Mail

To,

______________________________________

______________________________________

______________________________________

**Printed and Published by : Shri Dineshbhai Lalubhai Shah (President) On behalf of Shri Sangh Nrusinhpura Digambar Jain Kelavani Mandal, Sheth K. J. Chhatralay, Nr. Post-Office, Navrangpura, Ahmedabad-380009.**
**Email : kjchhatralay@yahoo.in • web : parichaysetu.com**
**at Padmavati Printing Press, Usmanpura, Ahmedabad-380013. Mo. : 9227215492**